<u>અસ્વીકરણ</u>: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્ધેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

<u>DISCLAIMER</u>: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==

ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે

આર/સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૭૪૯૫/૨૦૨૧

મંજૂરી અને સહી માટેઃ

માનનીય ન્યાયમૂર્તી સુશ્રી સોનિયા ગોકાણી

અને

માનનીય ન્યાયમૂર્તી શ્રી હેમન્ત એમ. પ્રચ્છક

==

૧	શું સ્થાનિક સમાચારપત્રોના રિપોર્ટરોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય?	હા
૨	રિપોર્ટરને સોંપી શકાય કે નહીં?	હા
૩	શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે?	ના
૪	શું આ કેસમાં ભારતના બંધારણના અર્થઘટન અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈપણ આદેશ અંગે કાયદાના નોંધપાત્ર સવાલનો સમાવેશ થાય છે?	ના

==

અમિત હરિશકુમાર ડૉક્ટર

વિરુદ્ધ

ભારત સંઘ અને ૩ અન્ય(યો)

==

ઉપસ્થિતિ:

અરજદાર(રો) નં.૧ તરફે શ્રી એસ.એસ.ઐયર (૬૫૫૩)

===

કોરમઃ **માનનીય ન્યાયમૂર્તી સુશ્રી સોનિયા ગોકાણી**

અને

માનનીય ન્યાયમૂર્તી શ્રી હેમન્ત એમ. પ્રચ્છક

તારીખઃ૧૮/૦૨/૨૦૨૨

મૌખિક ચુકાદો
(માનનીય ન્યાયમૂર્તી સુશ્રી સોનિયા ગોકાણી દ્વારા)

૧. આ ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬ હેઠળ દાખલ કરવામાં આવેલી અરજી છે.

૨. હાલની અરજી તરફ દોરી જતી ટૂંકી હકીકતો નીચે મુજબ છે:

૨.૧ અરજદાર જેબીએમ ટેક્સટાઇલ્સ, સુરતના એકમાત્ર પ્રોપ્રાઈટર છે અને ટેક્સટાઈલ ટ્રેડિંગ અને નિકાસના વ્યવસાયમાં રોકાયેલા છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (જેને આ પછી 'ડીઆરઆઈ' તરીકે ઉલ્લેખિત કરાયેલ છે), અમદાવાદ ઝોનલ યુનિટ, અમદાવાદને બાતમી મળતાં, તારીખ ૦૩.૦૪.૨૦૧૯ ના રોજ અરજદારના ઓફિસ પરિસરમાં સર્ચ હાથ ધર્યું હતું જ્યાં અરજદાર અને તેમના પરિવારના સભ્યોના રૂ. ૩૫,૯૯,૦૦૦/- ની રોકડ રકમ અને બે મોબાઈલ ફોન પણ અકારીઓ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા. અધિકારીઓ દ્વારા જપ્તી પર પંચનામું કરવામાં આવેલ હતું જેમાં ૦૪.૦૪.૨૦૧૯ ના રોજ

અરજદારની સહી લેવામાં આવી હતી જેને તેમના દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યા મુજબ, સામાવાળાઓ દ્વારા તેમના પર ઠોપી બેસાડવામાં આવેલું બળજબરીપૂર્વકનું કૃત્ય હતું.

૨.૨ ૦૩.૦૪.૨૦૧૯ ની પંચનામાની કાર્યવાહી પછી, ૦૪.૦૪.૨૦૧૯ ના રોજ અરજદારનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. રૂ. ૩૫,૯૯,૦૦૦/- ની જપ્ત કરાયેલી રોકડ તેમજ આ કાર્યવાહી દરમિયાન જપ્ત કરાયેલા મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને દસ્તાવેજોને જપ્ત કરવાની કોઈ દરખાસ્ત નહોતી.

૨.૩ સામાવાળાઓ દ્વારા આક્ષેપ કર્યા મુજબ, અરજદાર સહિત અન્ય સંખ્યાબંધ વ્યક્તિઓની મિલીભગતથી મેસર્સ અમીરા ઈમ્પેક્સ નામના એકમ દ્વારા કથિત ગેરકાયદેસર નિકાસ અંગે ૨૭.૧૧.૨૦૨૦ ના રોજ એક શો કોઝ નોટિસ જારી કરવામાં આવી હતી. આ શો કોઝ નોટિસ અરજદારને ૧૪.૧૨.૨૦૨૦ ના રોજ મળી હતી.

૨.૪ અરજદાર દ્વારા દાવો કરવામાં આવ્યા મુજબ, જપ્તીના ૧૯ મહિના વીતી ગયા હતા. જપ્તીની તારીખથી કાયદાકીય રીતે નિર્ધારિત છ મહિનાના સમયગાળામાં ત્યારથી કોઈ નોટિસ જારી કરવામાં આવી ન હતી, તેથી જપ્ત

કરાયેલી રોકડ અને મોબાઈલ ફોન અરજદાર અને તેમના પરિવારને પરત કરવા જરૂરી હતા, આથી આ અરજી.

૩. આ અદાલતે નોટિસ જારી કરતી વખતે ૨૨.૯.૨૦૨૧ ના રોજ નીચે મુજબનો હુકમ કર્યો હતો:

> *"૧. અરજદાર કોઈપણ શો કોઝ નોટિસ જારી કર્યા વિના અને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૧૦ (૨) ના વિ જોગવાઈઓના ભંગ બદલ ૦૩.૦૪.૨૦૧૯ ના રોજ અરજદારની ઓફિસમાંથી જપ્ત કરાયેલા અરજદાર અને તેમના પરિવારના સભ્યોના રૂ. ૩૫,૯૯,૦૦૦/- ની કિંમતના જપ્ત થયેલ રોકડ અને બે મોબાઈલ ફોન પરત કરવાની માંગ સાથે આ અદાલત સમક્ષ ઉપસ્થિત થયા છે, જેમાં નીચે મુજબની અરજો કરવામાં આવી છે:*
>
> > *"૧૭...*
> >
> > *(એ) આ માનનીય અદાલત એવું ઠરાવવા મહેરબાની કરશો કે કાયદાકીય અદાલતો દ્વારા જપ્ત કરાયેલ ચલણ, માલ અને વસ્તુઓ નોટિસ જારી કર્યા વિના સત્તામંડળો પાસે પડી રહેવા અંગે સદર કલમમાં નિર્ધારિત સમયગાળાની અંદર શો કોઝ નોટિસ આપ્યા વિના જપ્ત થયેલ ચલણ, માલ અને વસ્તુઓ પરત કરવા બાબતે નિર્ધારિત કર્યા મુજબ ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૧૦ (૨) માં દર્શાવેલ છ મહિનાની કાયદાકીય મુદત પૂરી થયા પછી અરજદાર અને તેમના પરિવારના સભ્યોના રૂ. ૩૫,૯૯,૦૦૦/- ની જપ્ત કરાયેલી કરન્સી તેમજ જપ્ત કરાયેલા બે મોબાઈલ ફોન પરત ન કરવા તેમજ ૦૩.૦૪.૨૦૧૯ ના રોજની વાદગ્રસ્ત પંચનામાની કાર્યવાહી ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૧૦ અને અન્ય જોગવાઈઓના ઉલ્લંઘનને કારણે પ્રથમ દર્શનીય રીતે ગેરકાયદેસર, અસ્તિત્વહીન અને શરૂઆતથી જ રદબાતલ છે.*

(બી) આ માનનીય અદાલત એવું ઠરાવવા મહેરબાની કરશો કે જપ્ત કરાયેલ રૂ. ૩૫,૯૯,૦૦૦/- (રૂપિયા પાંત્રીસ લાખ નવ્વાણું હજાર પૂરા) નું ચલણ અને બે મોબાઈલ ફોન અહીંના સામાવાળા નંબર ૩ અને સામાવાળા નંબર ૪ દ્વારા અરજદારને તુરંત પરત કરવામાં આવે.

(સી) આ માનનીય અદાલત પરમાદેશની રિટ અથવા પરમાદેશના સ્વરૂપમાં અથવા અન્ય કોઈ રિટ, હુકમ અથવા નિર્દેશ જારી કરીને ૦૩.૦૪.૨૦૧૯ ના રોજની પંચનામાની કાર્યવાહી દ્વારા કરન્સી અને બે મોબાઈલ ફોનની જપ્તી અને છ મહિનાની મુદત પૂરી થયા પછીના સમયગાળા માટે, એટલે કે ૦૩.૧૦.૨૦૧૯ પછી ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૨૪ હેઠળ શો કોઝ નોટિસ જારી કર્યા વિના તેને સતત રોકી રાખવાને હુકૂમતનો અભાવ, કઠોર, અયોગ્ય, ગેરકાયદેસર, અસંગત અને તેથી અસ્તિત્વહીન ગણી રદ કરવા અને સેટ એસાઈડ કરવા મહેરબાની કરશો, જેના પરિણામલક્ષી રાહત તરીકે ઉપર જણાવેલ અરજ (બી) મુજબ અરજદારને રાહત આપવા મહેરબાની કરશો;

(ડી) આ માનનીય અદાલત આ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનના પ્રવેશ, સુનાવણી અને આખરી નિકાલ પેન્ડિંગ હોય ત્યારે ઉપર દર્શાવેલ અરજ (સી) મુજબ વચગાળાની અને અંતરિમ રાહત આપવા મહેરબાની કરશો.

(ઈ) આ અરજીના ખર્ચના એવોર્ડ માટે.

(એફ) આ કેસની હકીકતો અને સંજોગોમાં જે પણ અન્ય અને વધુ અથવા આનુષંગિક રાહતો યોગ્ય અને વ્યાજબી જણાય તે આપવા મહેરબાની કરશો."

૨. અમે અરજદાર તરફથી ઉપસ્થિત રહેલા વિદ્વાન એડવોકેટ શ્રી એસ. એસ. અય્યરને વિગતવાર સાંભળ્યા છે, જેઓ આપણને રેકોર્ડ પર મૂકવામાં આવેલા સાહિત્ય તેમજ કૌરે કોન્સેપ્ટ્સ વિ. ડેપ્યુટી કમિશનર ઓફ કસ્ટમ્સ, ૨૦૧૬ (૩૩૩) ઈ.એલ.ટી. ૭૬

માં રજૂ કરાયેલા દિલ્હી હાઈકોર્ટના નિર્ણયના આધારે ૧૯.૦૩.૨૦૧૩ ના રોજ જારી કરાયેલા ૨૦૧૩ ના પરિપત્ર નંબર ૦૭ પર લઈ ગયા છે. આ અદાલતના દીપક નટવરલાલ સોની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, ૨૦૧૯ (૩૬૮) ઈ.એલ.ટી. ૨૭ માં રજૂ કરાયેલા નિર્ણય પર પણ આધાર રાખવામાં આવ્યો છે. તેથી, તેમનો ભાર એ વાત પર છે કે, જપ્તીની તારીખથી છ મહિના સુધી જપ્ત કરાયેલા માલ માટે ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૪ હેઠળ કોઈ શો કોઝ નોટિસ જારી કરવામાં ન આવી હોવાથી, જપ્ત કરાયેલ માલ પરત કરવો જરૂરી બનશે.

૩. તાકીદની નોટિસ જારી કરવી, જે ૧૩.૧૦.૨૦૨૧ ના રોજ પરત કરવાપાત્ર રહેશે.

૪. બજવણીના નિયમિત પ્રકાર ઉપરાંત, સ્પીડ પોસ્ટ તેમજ ઈ-મોડ દ્વારા ડાયરેક્ટ બજવણી કરવાની પણ પરવાનગી આપવામાં આવે છે."

૪. શો કોઝ નોટિસના જવાબમાં, સામાવાળાઓ ઉપસ્થિત થયા હતા અને તેમનો જવાબ પણ આ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે.

૪.૧. જવાબના એફિડેવિટમાં, કાયદાની જોગવાઈનું કોઈ ઉલ્લંઘન થયું હોવાનો ઈનકાર કરવામાં આવ્યો છે. સામાવાળાઓના જણાવ્યા મુજબ, આ મોટા પાયે નિકાસ લાભોના ગેરકાયદેસર વપરાશનો કેસ હોવાથી, કોઈ રહેમદ્રષ્ટિ જરૂરી નથી. સામાવાળાઓ દ્વારા એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ડીઆરઆઈ, અમદાવાદને ચોક્કસ માહિતી મળી હતી કે કેટલીક નિકાસ પેઢીઓ બોગસ/ઓવરવેલ્યુડ નિકાસના આધારે આઈજીએસટી રિફંડ સહિતના નિકાસ

લાભો ખોટી રીતે મેળવી રહી હતી, તેથી, શ્રી કુબેરજી ટેક્સટાઈલ પાર્કના પરિસરમાં ડીઆરઆઈ અને ડિરેક્ટોરેટ ઓફ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ, અમદાવાદ (ડીજીજીઆઈ) ની સંયુક્ત ટીમ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ત્રણ વ્યક્તિઓ એટલે કે શ્રી મિહિર મહેશ છેવલી, શ્રી અમિત ડોક્ટર અને શ્રી આઝમ સાબુવાલાની હાજરીમાં પંચનામું કરવામાં આવ્યું હતું. તેઓ સંયુક્ત રીતે આઠ પેઢીઓ સહિત વિવિધ પેઢીઓનું સંચાલન કરતા હતા અને તે વ્યક્તિઓએ સ્વીકાર્યું હતું કે તેઓ કોઈપણ પેઢીના પ્રોપ્રાઈટર/ભાગીદાર/ડિરેક્ટર ન હતા.

૪.૨ કુલ રૂ. ૧,૦૦,૮૫,૧૦૦/- ની ભારતીય ચલણી નોટો જપ્ત કરવામાં આવી હતી જેમાંથી રૂ. ૩૫,૯૯,૦૦૦/- નો દાવો શ્રી અમિત ડોક્ટર દ્વારા કરવામાં આવ્યો છે. આ ત્રણ વ્યક્તિઓ એક્સપોર્ટ પ્રમોશન કેપિટલ ગુડ્સ (ઈપીસીજી) સ્કીમમાં થર્ડ પાર્ટી નિકાસમાંથી રોકડમાં કમિશન મેળવતા હતા. તેઓએ નિકાસ પેઢીના નામે ઈનવોઈસ ગોઠવ્યા હતા, પરંતુ સદર દસ્તાવેજો હેઠળ કોઈ માલ ભૌતિક રીતે પ્રાપ્ત થયો ન હતો અને તેઓએ સંબંધિત નિકાસ પેઢીઓના ખાતામાંથી કાગળ પર સદર પુરવઠા માટે ચુકવણી કરી હતી અને સપ્લાયર દ્વારા રોકડમાં અથવા મધ્યસ્થી દ્વારા, કે જેમના દ્વારા સદર બિલોની ગોઠવણ કરવામાં આવી હતી, તેમના દ્વારા નાણાં પરત કરવામાં આવ્યા હતા. તેમના દ્વારા પ્રાપ્ત થયેલી રોકડ રકમ ઈપીસીજી સ્કીમમાં થર્ડ પાર્ટી નિકાસમાંથી

કમિશનના સ્વરૂપમાં હતી અને સપ્લાયર દ્વારા કાગળ પર પરત કરવામાં આવેલા નાણાં હતા. સર્ચ દરમિયાન કોઈ યોગ્ય અને સંતોષકારક જવાબ ન મળતાં, ડીઆરઆઈ અને ડીજીજીઆઈ ના અધિકારીઓએ વધુ ચકાસણી માટે રોકડ અટકાવી રાખી હતી. ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ (જેને આ પછી 'સદર અધિનિયમ' તરીકે ઉલ્લેખિત કરાયેલ છે) ની કલમ ૧૦૮ હેઠળ નિવેદનો પણ નોંધવામાં આવ્યા હતા અને ઉપસ્થિત લોકો દ્વારા કામગીરીની પદ્ધતિ સમજાવવામાં આવી હતી.

૪.૩ સામાવાળાઓના જણાવ્યા મુજબ, શ્રી અમિત ડોક્ટર દ્વારા દાવો કરવામાં આવેલી રકમ આઈજીએસટી રિફંડની રકમ હતી, જે કપટપૂર્વક મેળવવામાં આવી હતી અને તેને ઈપીસીજી કમિશન આવક તરીકે ગણવી જરૂરી હતી અને જીએસટી એક્ટ હેઠળ કરપાત્ર હતી. ઈપીસીજી કમિશન અને આઈજીએસટી રિફંડ બંનેની આવક જીએસટી કાયદા હેઠળ આવરી લેવાયેલ રોકડમાં પ્રાપ્ત થઈ હતી. અરજદાર અને અન્ય લોકોના નોંધાયેલા નિવેદનો કોઈ બળજબરીપૂર્વકના પગલાં અપનાવ્યા વિના સ્વૈચ્છિક હોવાનો દાવો કરવામાં આવે છે. ૨૧ મહિના પૂરા થવા પર દબાણનો આક્ષેપ અરજદાર તરફથી પાછળથી વિચારાયેલો વિચાર છે. વધુમાં ભારપૂર્વક દાવો કરવામાં આવ્યો છે કે ડીઆરઆઈ અને ડીજીજીઆઈ એ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સનું સંસ્થાકીય માળખું છે. જપ્ત કરાયેલી રોકડ એ કમિશન અને ખોટી રીતે મેળવેલ આઈજીએસટી રિફંડની

રકમ છે. ડીજીજીઆઈ ખોટી રીતે મેળવેલ આઈજીએસટી રિફંડ સામે સદર રકમ મેળવવા માટે યોગ્ય સત્તામંડળ હોવાનો દાવો કરવામાં આવે છે અને રોકડ ડીજીજીઆઈ, અમદાવાદને ટ્રાન્સફર કરવામાં આવી હતી કારણ કે ખોટી રીતે અને ગેરકાયદેસર રીતે મેળવેલ કુલ આઈજીએસટી રિફંડ રૂ. ૩,૨૭,૬૧,૨૯૫/– ની કિંમતનું છે, જે ગંભીર આર્થિક ગુનો હોવાનો આક્ષેપ છે અને તેથી હસ્તક્ષેપ ન કરવા વિનંતી છે.

૫. અરજદાર વતી વિદ્વાન એડવોકેટ શ્રી એસ. એસ. અય્યર અને સામાવાળાઓ–વિભાગ વતી વિદ્વાન સિનિયર સ્ટેન્ડિંગ કાઉન્સેલ શ્રી પ્રિયાંક લોઢાને વિગતવાર સાંભળવામાં આવ્યા છે.

૬. વિચારણા માટેનો ટૂંકો પ્રશ્ન એ છે કે શું જપ્તીના છ મહિના પછી સદર અધિનિયમની કલમ ૧૨૪ હેઠળ આપવામાં આવેલી શો કોઝ નોટિસ કાયદા હેઠળ ટકી શકે કે કેમ.

૭. અરજદારની ઓફિસમાંથી ૦૩.૦૪.૨૦૧૯ ના રોજ જપ્ત કરાયેલ રૂ. ૩૫,૯૯,૦૦૦/– ની રોકડ રકમ તેમજ બે મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ રોકી રાખવામાં સામાવાળાઓ–સત્તામંડળના કથિત મનસ્વી કૃત્યને પણ પડકારવામાં આવ્યો છે. સામાવાળાઓ દ્વારા માલ અને રોકડની જપ્તી ધ કસ્ટમ્સ

એક્ટની કલમ ૧૧૦ હેઠળ છે અને સદર અધિનિયમની કલમ ૧૨૪ માલ જપ્ત કરવા માટે શો કોઝ નોટિસ જારી કરવાની જોગવાઈ કરે છે.

૭.૧ અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલી મુખ્ય દલીલ એ છે કે સામાવાળાઓ–સત્તામંડળે સદર અધિનિયમની કલમ ૧૧૦ ની પેટા–કલમ (૨) હેઠળ આપવામાં આવેલ જનાદેશનું પાલન કર્યું નથી કે સદર અધિનિયમની કલમ ૧૧૦ ની પેટા–કલમ (૧) હેઠળ જપ્ત કરાયેલ માલ જે વ્યક્તિ પાસેથી જપ્ત કરવામાં આવ્યો હતો તે વ્યક્તિને પરત કરવાનો રહેશે. સદર અધિનિયમની કલમ ૧૧૦ ની પેટા–કલમ (૨) હેઠળ જોગવાઈ કર્યા મુજબ, જો આવા માલ, રોકડ અને વસ્તુઓના સંબંધમાં માલ જપ્ત કર્યાના છ મહિનાની અંદર સદર અધિનિંયમની કલમ ૧૨૪ ના ખ ડ (એ) હેઠળ કોઈ શો કોઝ નોટિસ આપવામાં ન આવે, તો તે જે વ્યક્તિ પાસેથી જપ્ત કરવામાં આવ્યા હોય તેને પરત કરવા જરૂરી છે.

૭.૨ ધ ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૮ માં સુધારામાં જોગવાઈ કરવામાં આવી હતી કે પૂરતું કારણ દર્શાવવામાં આવે તો, પ્રિન્સિપલ કમિશનર ઓફ કસ્ટમ્સ અથવા કમિશનર ઓફ ગુડ્સ દ્વારા આ મુદત છ મહિનાથી વધુ ન હોય તેટલા સમયગાળા માટે લંબાવી શકાય છે.

૭.૩ સદર અધિનિયમની કલમ ૧૨૪ જોગવાઈ કરે છે કે જ્યાં સુધી માલના માલિક હોય તેવી વ્યક્તિ પર આસિસ્ટન્ટ કમિશનર ઓફ કસ્ટમ્સના હોદ્દાથી નીચેના ન હોય તેવા કસ્ટમ્સ અધિકારીની પૂર્વ મંજૂરી સાથે લેખિતમાં નોટિસની બજવણી કરવામાં ન આવે, જેમાં જે કારણોસર માલ જપ્ત કરવાનો હોય અથવા દંડ લાદવાનો હોય તેની જાણ કરવામાં ન આવે ત્યાં સુધી પ્રકરણ XIV હેઠળ કોઈપણ માલ જપ્ત કરવાનો અથવા કોઈપણ વ્યક્તિ પર દંડ લાદવાનો કોઈ હુકમ કરવાનો રહેશે નહીં.

૭.૪ ધ ફાઇનાન્સ એક્ટ, ૨૦૧૮ દ્વારા સુધારા પહેલાં નોટિસની બજવણીના પ્રકારમાં સદર અધિનિયમની કલમ ૧૫૩ હેઠળ જારી કરાયેલા સમન્સ અથવા નોટિસનો સમાવેશ થતો હતો. આ અદાલત (કોરમ: જસ્ટિસ અનંત એસ. દવે અને જસ્ટિસ બિરેન વૈષ્ણવ) દીપક નટવરલાલ સોની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, ૨૦૧૯ (૩૬૮) ઈ.એલ.ટી. ૨૭ (ગુજરાત) ના કેસમાં સમાન મુદ્દા પર વિચારણા કરી રહી હતી અને કલમ ૧૨૪ અને કલમ ૧૫૩ સામે કલમ ૧૧૦(૨) હેઠળ પરિકલ્પિત નોટિસ જારી કરવાના આ પ્રશ્નને સંબોધિત કર્યો હતો જે હવે નવો પ્રશ્ન નથી રહ્યો. વિગતવાર ચર્ચા પછી, તેણે ઠરાવ્યું હતું કે સદર અધિનિયમની કલમો ૧૧૦(૨), ૧૨૪ અને ૧૫૩ નું પાલન કરવામાં નિષ્ફળતા પર જપ્ત કરાયેલ માલ પરત ન કરવાનું સામાવાળાઓ–સત્તામંડળનું કૃત્ય ગેરકાયદેસર છે અને સામાવાળાઓને પંચનામા હેઠળ જપ્ત કરાયેલા તમામ સોનાના દાગીના/સોનાની વસ્તુઓ અને બે એપલ આઈ–ફોન અરજદારને

ચોક્કસ મુદતમાં શરત વગર પરત કરવાનો નિર્દેશ આપીને રિટ અરજી મંજૂર કરવામાં આવી હતી, જે કાયદા અનુસાર નવેસરથી હાથ ધરવામાં આવનાર નિર્ણયની પ્રક્રિયાને આધીન રહેશે.

૭.૫ સંબંધિત ફકરાઓ લાભદાયી રીતે પુનઃ રજૂ કરવામાં આવશે:

> *"૯. પક્ષકારો વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન કૌન્સેલોને સાંભળ્યા પછી, શરૂઆતમાં, સક્ષમ સત્તામંડળના અંતે માલની વિષયવસ્તુ જપ્તીના સંબંધમાં આખરીતામાં પરિણમતી નિર્ણયની કાર્યવાહીના પરિણામ અંગે, આ સંબંધમાં કોઈ રેકોર્ડ રજૂ કરવામાં આવ્યો નથી અને કોઈ એફિડેવિટ ફાઈલ કરવામાં આવી નથી.*
>
> *ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૨૪ અને કલમ ૧૫૩ સામે કલમ ૧૧૦ (૨) હેઠળ પરિકલ્પિત નોટિસ આપવા અંગેનો મુદ્દો હવે નવો પ્રશ્ન નથી રહ્યો.*
>
> *વધુ સારી સમજના હેતુથી અને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની ઉપરોક્ત જોગવાઈઓ માટે અમે વર્ષ ૨૦૧૭ માં એટલે કે ધ ફાઈનાન્સ એક્ટ, ૨૦૧૮ દ્વારા કરવામાં આવેલા સુધારા પહેલાં જપ્તીને સંચાલિત કરતી આવી જોગવાઈઓ નીચે મુજબ રજૂ કરીએ છીએ.*
>
> *"૧૧૦. માલ, દસ્તાવેજો અને વસ્તુઓની જપ્તી.–(૧) જો યોગ્ય અધિકારી પાસે માનવાને કારણ હોય કે કોઈપણ માલ આ અધિનિયમ હેઠળ જપ્ત કરવા પાત્ર છે, તો તે તેવા માલને જપ્ત કરી શકે છે :*
>
> *શરત એ છે કે જ્યાં આવો કોઈપણ માલ જપ્ત કરવાનું વ્યવહારુ ન હોય, ત્યાં યોગ્ય અધિકારી માલના માલિક પર એક હુકમની બજવણી કરી શકે છે કે તે સદર અધિકારીની પૂર્વ પરવાનગી*

સિવાય માલને હટાવશે નહીં, અલગ કરશે નહીં અથવા અન્યથા તેની લેવડદેવડ કરશે નહીં.

(૧એ) xxx (૧બી) xxx

(એ) ....

(બી) ....

(સી) .... (૧સી) xxx

(૨) જ્યાં પેટા–કલમ (૧) હેઠળ કોઈપણ માલ જપ્ત કરવામાં આવે છે અને માલ જપ્ત કર્યાના છ મહિનાની અંદર કલમ ૧૨૪ ના ખંડ (એ) હેઠળ તેના સંબંધમાં કોઈ નોટિસ આપવામાં આવતી નથી, તો તે માલ જે વ્યક્તિના કબજામાંથી જપ્ત કરવામાં આવ્યો હતો તે વ્યક્તિને પરત કરવામાં આવશે" {શરત એ છે કે પૂરતું કારણ દર્શાવવામાં આવે તો, છ મહિનાની ઉપરોક્ત મુદત પ્રિન્સિપલ કમિશનર ઓફ કસ્ટમ્સ અથવા કમિશનર ઓફ કસ્ટમ્સ દ્વારા છ મહિનાથી વધુ ન હોય તેટલા સમયગાળા માટે લંબાવી શકાશે.}

(૩) xxx

(૪) xxx

કલમ ૧૨૪. માલ જપ્ત કરતા પહેલાં શો કોઝ નોટિસ જારી કરવી, વગેરે.– કોઈપણ માલ જપ્ત કરવાનો અથવા કોઈપણ વ્યક્તિ પર કોઈ દંડ લાદવાનો કોઈ હુકમ આ પ્રકરણ હેઠળ કરવામાં આવશે નહીં જો કે માલના માલિક અથવા તેવી વ્યક્તિને–

(એ) આસિસ્ટન્ટ કમિશનર ઓફ કસ્ટમ્સના હોદ્દાથી નીચેના ન હોય તેવા કસ્ટમ્સ અધિકારીની પૂર્વ મંજૂરી સાથે લેખિતમાં નોટિસ આપવામાં ન આવે, જેમાં તેને જે કારણોસર માલ જપ્ત કરવાનું અથવા દંડ લાદવાનું પ્રસ્તાવિત છે તેની જાણ કરવામાં આવે;

(બી) તેમાં દર્શાવેલ જપ્તી અથવા દંડ લાદવાના કારણો સામે નોટિસમાં નિર્ધારિત કરવામાં આવે તેવા વાજબી સમયની અંદર લેખિતમાં રજૂઆત કરવાની તક આપવામાં ન આવે;

અને

(સી) આ મામલે સાંભળવાની વાજબી તક આપવામાં ન આવે.

શરત એ છે કે સંબંધિત વ્યક્તિની વિનંતી પર ખંડ (એ) માં ઉલ્લેખિત નોટિસ અને ખંડ (બી) માં ઉલ્લેખિત રજૂઆત મૌખિક હોઈ શકે છે.

૧૫૩. હુકમ, નિર્ણય, વગેરેની બજવણી.– આ અધિનિયમ હેઠળ પસાર કરાયેલ કોઈપણ હુકમ અથવા નિર્ણય અથવા જારી કરાયેલા કોઈપણ સમન્સ અથવા નોટિસની બજવણી કરવામાં આવશે, –

(એ) હુકમ, નિર્ણય, સમન્સ અથવા નોટિસ રૂબરૂ આપીને અથવા તેને રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા અથવા કમિશનર ઓફ કસ્ટમ્સ દ્વારા મ જૂર કરવામાં આવે તેવા કુરિયર દ્વારા મોકલીને;

(બી) જો હુકમ, નિર્ણય, સમન્સ અથવા નોટિસની બજવણી ખંડ (એ) માં દર્શાવેલ રીતે થઈ શકતી ન હોય, તો તેને કસ્ટમ્સ હાઉસના નોટિસ બોર્ડ પર ચોંટાડીને".

૧૦. એ બાબતે કોઈ વિવાદ નથી કે પ્રશ્ન હેઠળના માલની જપ્તી ૧૧.૨.૨૦૧૭ ના રોજ એસ.વી.પી.આઈ. એરપોર્ટ, અમદાવાદના ટર્મિનલ નંબર ૨ ના અરાઈવલ હોલમાં પંચોની હાજરીમાં કરવામાં આવી હતી અને તે જ દિવસે તે મુજબ જપ્તી મેમો જારી કરવામાં આવ્યો હતો. વધુમાં, અરજદારો દ્વારા ૧૯.૮.૨૦૧૭ ના રોજ જપ્ત કરાયેલા દાગીના અને 'આઈ ફોન' પરત કરવા માટે વિનંતી કરવામાં આવી હતી, ૧.૯.૨૦૧૭ ની યાદી નોટિસ કે જેમાં ૧૧.૨.૨૦૧૭ ના જપ્તી મેમો અને દિલ્હી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના પણ વિવિધ નિર્ણયોનો સંદર્ભ આપવામાં આવ્યો હતો કે જેમાં જપ્તીની તારીખથી છ મહિનાની અંદર નોટિસ આપવામાં નિષ્ફળ જવાના કિસ્સામાં જપ્ત થયેલ માલ પરત કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો કે જે આ કેસની હકીકતોમાં ૧૧.૮.૨૦૧૭ ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી. આસિસ્ટન્ટ કમિશનર, કસ્ટમ્સ, અમદાવાદની ઓફિસમાંથી તારીખ ૧૨.૯.૨૦૧૭ નો જવાબ મળ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે ફાઈલ નંબર

VIII/10-12/SVPIA/O&A/2017 માંથી એડિશનલ કમિશનર, કસ્ટમ્સ, અમદાવાદ દ્વારા તારીખ ૯.૮.૨૦૧૭ ની શો કોઝ નોટિસ જારી કરવામાં આવી છે અને તારીખ ૧૦.૮.૨૦૧૭ ના રોજ યોગ્ય પંચનામા હેઠળ અરજદારોના રહેઠાણે પહોંચાડવામાં આવી હતી કારણ કે અરજદારોનું રહેણાંક પરિસર બંધ હાલતમાં મળી આવ્યું હતું. ઉપરોક્ત ઉપરાંત, ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૫૩ (બી) ની જોગવાઈઓના સંદર્ભમાં ૧૦.૮.૨૦૧૭ ના રોજ કસ્ટમ્સ હાઉસ, અમદાવાદના નોટિસ બોર્ડ પર શો કોઝ નોટિસની એક નકલ પણ ચોંટાડવામાં આવી હતી અને તેથી, જપ્ત કરાયેલી વસ્તુઓ મુક્ત કરવાની ન હતી અને અરજદારોને નિર્ણયની પ્રક્રિયામાં જોડાવા માટે વિનંતી કરવામાં આવી હતી. ઉપરોક્ત હકીકત ડેપ્યુટી કમિશનર ઓફ કસ્ટમ્સ (એર ઈન્ટેલિજન્સ યુનિટ) એસ.વી.પી.આઈ. એરપોર્ટ, અમદાવાદ દ્વારા દાખલ કરવામાં આવેલા ૩૦.૧૦.૨૦૧૭ ના રોજના એફિડેવિટમાં પ્રતિબિંબિત થાય છે.

૧૧. ઉપરોક્ત વલણને ધ્યાનમાં રાખીને અરજદારો દ્વારા સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે તેઓને સત્તામંડળ દ્વારા આપવામાં આવેલી આવી કોઈ નોટિસ મળી નથી અને પંચોની હાજરીમાં રહેણાંક પરિસરમાં નોટિસ નાખીને ચોંટાડીને બજવણી કરવાનો અથવા કસ્ટમ્સ હાઉસના નોટિસ બોર્ડ પર આવી નોટિસ ચોંટાડવાનો દાવો વગેરે અસ્વીકાર કરવામાં આવ્યા હતા અને જેના વિશે અરજદારોને કોઈ જાણકારી નહોતી. વધુમાં એવું પણ જણાવવામાં આવ્યું હતું કે અરજદાર નંબર ૧ શ્રી દીપક સોની હૃદયની બીમારીના કારણે હોસ્પિટલમાં દાખલ હતા. તેઓએ તેમના વ્યવસાયમાં પણ હાજરી આપી ન હતી, તેમ છતાં, અરજદાર નંબર ૧ ની તબિયત સારી ન હતી ત્યારે અરજદાર નંબર ૧ નો પુત્ર દુકાન પર સતત ઉપલબ્ધ હતો કારણ કે તે વ્યવસાય સંભાળી રહ્યો હતો. રેકોર્ડ પરથી વધુમાં એ વાત નિષ્પન્ન થાય છે કે, કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા હાજર રહેવા અને સહકાર આપવા માટે વિવિધ સમન્સ જારી કરવામાં આવ્યા હતા પરંતુ અરજદારોને સત્તામંડળ સમક્ષ હાજર રહેવાનો કોઈ પ્રસંગ આવ્યો ન હતો. તે સિવાય, આ અદાલત સમક્ષ એવો કોઈ રેકોર્ડ ઉપલબ્ધ નથી અથવા રજૂ કરવામાં આવ્યો નથી કે સદર અધિનિયમ, ૧૯૬૨ ની કલમ ૧૨૪ સાથે વાંચતા કલમ ૧૧૦ (૨) ના સંદર્ભમાં શો કોઝ નોટિસ આપવામાં આવી હતી અને કલમ ૧૫૩ હેઠળ પરિકલ્પિત કર્યા મુજબ તેની બજવણી કરવામાં આવી હતી. સત્તામંડળ દ્વારા કરવામાં આવેલ કથિત પંચનામું દર્શાવે છે કે અમદાવાદના

આમરાઈવાડી અને વસ્ત્રાલ વિસ્તારમાંથી ૨૦ કિલોમીટરથી વધુના અંતરેથી બે પંચો લાવવામાં આવ્યા હતા. અને તેમની હાજરીમાં અરજદારોનું રહેણાંક મકાન બંધ મળી આવ્યું હતું અને ત્યાં કોઈ વ્યક્તિ ઉપલબ્ધ ન હતી. વરસાદ પડી રહ્યો હોવાથી, નોટિસ ન ચોંટાડવાનું યોગ્ય માનવામાં આવ્યું હતું અને તેને લીલા રંગની પોલિથીન બેગમાં અરજદારોના મકાનના દરવાજાની ગ્રીલમાંથી અંદર નાખવામાં આવી હતી.

૧૨. જો આ સંદર્ભમાં કાયદા પર વિચાર કરવામાં આવે તો અંબાલાલ મોરારજી સોની (ઉપરોક્ત) ના કેસમાં આ અદાલતે ગોલ્ડ (કંટ્રોલ) એક્ટ અને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૨૪ ની જોગવાઈઓ પર વિચાર કરીને નરસિંહૈયા વિ. સિંગરી ગૌડા, એ.આઈ.આર. ૧૯૬૬ એસ.સી. ૩૩૦ ના કેસમાં સર્વોચ્ચ અદાલતના નિર્ણયોનો સંદર્ભ આપ્યો હતો કે જ્યાં નોટિસ આપવાનું અર્થઘટન કરવામાં આવ્યું હતું કે નોટિસ આપવાની કાનૂની ફરજ ધરાવતી વ્યક્તિ જેવી જ સરનામે નોટિસ મોકલે છે કે જે વ્યક્તિને તે આપવાની હોય તેને મોકલવાથી આપવાની પ્રક્રિયા પૂર્ણ થતી નથી. સર્વોચ્ચ અદાલતે સાંભળવાની વાજબી તક આપવાની વિભાવના અને અન્ય પાસાઓ પર પણ વિચાર કર્યો હતો. વધુમાં ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૧૦ (૨) અને ધ ગોલ્ડ (કંટ્રોલ) એક્ટની કલમ ૭૯ નો સંદર્ભ આપીને, આ અદાલતે આસિસ્ટન્ટ કલેક્ટર ઓફ કસ્ટમ્સ વિ. ચરણ દાસ મલ્હોત્રા એ.આઈ.આર. ૧૯૭૨ એસ.સી. ૬૮૯ ના કેસનો સંદર્ભ આપ્યો હતો જેમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:

> "જપ્ત કરાયેલ માલ પુનઃસ્થાપિત કરવાનો અધિકાર એ એક નાગરિક અધિકાર છે જે પ્રારંભિક છ મહિનાની મુદત પૂરી થતાં પ્રાપ્ત થાય છે અને જે મુદત વધારો મંજૂર કરવામાં આવે ત્યારે નિષ્ફળ જાય છે, ભલે આવો મુદત વધારો જપ્તીની તારીખથી એક વર્ષની અંદર શક્ય હોય. પરિણામે, સામાવાળાનો આવો કાયદેસર નાગરિક અધિકાર કલેક્ટર દ્વારા સમય વધારવાના એકતરફી હુકમ દ્વારા નિષ્ફળ બનાવી શકાય નહીં. પ્રારંભિક છ મહિના પૂરા થતાં પહેલાં મુદત વધારો મંજૂર કરવામાં આવે તેવા કિસ્સામાં પણ સાંભળવાની તક ઉપલબ્ધ હોવી જોઈએ, જે સમયગાળા પછી જ સામાવાળો જપ્ત થયેલ માલ પરત મેળવવાના અધિકારનો દાવો કરી શકે છે."

ત્યારબાદ, હાથ પરના કેસની હકીકતોની ચર્ચા કરતાં ડિવિઝન બેન્ચે નીચે મુજબ ઠરાવ્યું:

> "ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૨૪ અને ધ ગોલ્ડ કંટ્રોલ એક્ટની કલમ ૭૯ દ્વારા પરિકલ્પિત નોટિસ આપવાનો અર્થ એ છે કે નોટિસ મળી ગઈ હોવી જોઈએ કારણ કે નરસિંહૈયાના કેસ, એ.આઇ.આર. ૧૯૬૬ એસ.સી. ૩૩૦ (ઉપરોક્ત) માં સર્વોચ્ચ અદાલત દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યું હતું કે નોટિસ આપવાની પ્રક્રિયા પૂર્ણ થતી નથી જો કે અને જ્યાં સુધી તે સંબંધિત વ્યક્તિ સુધી પહોંચે નહીં અથવા તેને વાસ્તવિક રીતે રજૂ કરવામાં ન આવે. વ્યક્તિના સરનામે માત્ર નોટિસ મોકલવાથી નોટિસ આપવાની પ્રક્રિયા પૂર્ણ થતી નથી. તેથી, હાલના કેસમાં, સામાવાળાઓએ ૫ નવેમ્બર, ૧૯૬૮ ના રોજ પોસ્ટ દ્વારા નોટિસ મોકલી હોવાની હકીકત નોટિસ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરશે નહીં. નોટિસ આપવાની પ્રક્રિયા ૬ નવેમ્બર, ૧૯૬૮ ના રોજ અથવા તે પહેલાં પૂર્ણ થઈ જવી જોઈતી હતી એટલે કે નોટિસો અરજદાર સુધી ૬ નવેમ્બર, ૧૯૬૯ ના રોજ અથવા તે પહેલાં પહોંચવી જોઈતી હતી અથવા તે તારીખ પહેલાં તેને રજૂ કરવામાં આવી હોવી જોઈતી હતી. હાલના કેસમાં તેમ કરવામાં આવ્યું ન હતું અને, તેથી, ૭ નવેમ્બર, ૧૯૬૯ થી, જપ્ત કરાયેલ માલ પરત મેળવવાનો નાગરિક અધિકાર અરજદારને પ્રાપ્ત થયો હતો."

૧૩. પુરુષોત્તમ જાજોડિયા વિ. ડિરેક્ટર ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ, નવી દિલ્હી ના કેસમાં અન્ય એક નિર્ણયમાં, કે. નરસિંહૈયા (ઉપરોક્ત) એ.આઇ.આર. ૧૯૬૬ એસ.સી. ૩૩૦ ના કેસ પર પુનઃ વિચાર કરવામાં આવ્યો હતો અને પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો કે નોટિસ ત્યારે જ 'આપવામાં આવેલી' ગણી શકાય જ્યારે તે પક્ષકાર દ્વારા પ્રાપ્ત થાય અને સદર સમયમર્યાદાની અંદર તેનું માત્ર જારી થવું પૂરતું નથી. ફરીથી ન્યૂ ડ્રગ એન્ડ કેમિકલ કંપની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (ઉપરોક્ત) ના કેસમાં મુંબઈ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૫૩ (એ) ની જોગવાઈઓના પાલનની જરૂરિયાત પર વિચાર કરીને ઠરાવ્યું હતું કે "સ્પીડ પોસ્ટ" દ્વારા હુકમ મોકલવો એ ઉપરોક્ત જોગવાઈઓનું પૂરતું પાલન નથી અને હુકમ કરદાતા

અથવા તેના એજન્ટ પર રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા અથવા બજવણીના અન્ય પ્રકારો દ્વારા મોકલીને બજવણી કરવાનો રહે છે અને કલમ ૧૫૩ (એ) હેઠળ બજવણી પરિકલ્પિત ન હોય ત્યારે કલમ ૧૫૩ (એ) ત્યારે જ અમલમાં આવશે કે જ્યારે તે શક્ય ન હોય ત્યારે જ કસ્ટમ્સ હાઉસના નોટિસ બોર્ડ પર ચોંટાડવાની પરવાનગી આપવામાં આવે છે.

૧૪. આમ, આ કેસની હકીકતોમાં અરજદારના વિદ્વાન કૌન્સેલ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો અને હકીકતો તેમજ કાયદા પર વ્યવહારીક રીતે કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો અને અરજદારોને ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૧૨૪ અને કલમ ૧૫૩ સાથે વાંચતા કલમ ૧૧૦ (૨) હેઠળ પરિકલ્પિત નોટિસ આપવામાં આવી ન હતી અને હાથ પરનો કેસ તે નિર્ણય દ્વારા આવરી લેવાયેલ છે જેનો અમે અગાઉના ફકરામાં સંદર્ભ આપ્યો છે અને અરજદારોનો કેસ વધુ મજબૂત બને છે કે પંચનામું કરીને અનુસરવામાં આવેલી પ્રક્રિયા વગેરે કોઈ ઉપયોગની ન હતી અને તેને સદર અધિનિયમ, ૧૯૬૨ ની જોગવાઈઓનું પાલન કહી શકાય નહીં, ૨૦૧૨ (૨૮૦) ઈ.એલ.ટી. ૧૩ (એમ.પી.) માં રિપોર્ટ થયેલ વિ. રામ કુમાર અગ્રવાલ ના કેસમાં સામાવાળાઓના વિદ્વાન એડવોકેટ શ્રી મિતેશ અમીન દ્વારા આધાર રાખવામાં આવેલા નિર્ણયમાં પણ સબમિટ કરવામાં આવ્યું હતું કે મુંબઈ હાઈકોર્ટે ધ કસ્ટમ્સ એક્ટની કલમ ૧૧૦ (૨), ૧૨૪, ૧૫૩ ની જોગવાઈઓ પર સરળતાથી વિચાર કર્યો હતો અને તેની સમક્ષ ઉપસ્થિત થયેલી હકીકતોમાં, સત્તામંડળ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ મંજૂર કરવામાં આવી હતી. ઉપરોક્ત કેસમાં પણ અદાલતે તારણ કાઢ્યું હતું કે નોટિસની બજવણી તેને રજૂ કરીને અથવા રજિસ્ટર્ડ પોસ્ટ એ.ડી. દ્વારા મોકલીને પૂર્ણ થશે અને આ કેસની હકીકતો સાથે આવી હકીકતો સરખાવી શકાય નહીં અને કે. અબ્દુલ્લા કુન્હી અબ્દુલ રહામાન ના કેસમાં તારીખ ૨૨.૪.૨૦૧૫ ના કર્ણાટક હાઈકોર્ટના નિર્ણયની આ કેસની હકીકતો પર કોઈ અસર પડશે નહીં કારણ કે વિભાગ દ્વારા રેકોર્ડ પર સ્પષ્ટપણે મૂકવામાં આવ્યું હતું કે શો કોઝ નોટિસ ૧૩.૩.૨૦૧૪ ના રોજ અગાઉથી મોકલી દેવામાં આવી હતી જે સદર અધિનિયમની કલમ ૧૧૦ ની પેટા-કલમ (૨) હેઠળ પરિકલ્પિત છ મહિનાની મુદત પૂરી થયાના બે દિવસ પછી ૧૭.૩.૨૦૧૪ ના રોજ અરજદારને પહોંચાડવામાં આવી હતી."

૭.૬ કૌરે કોન્સેપ્ટ્સ વિ. ડેપ્યુટી કમિશનર ઓફ કસ્ટમ્સ (એસઆઈઆઈબી), ૨૦૧૬ (૩૩૩) ઈ.એલ.ટી. ૭૬ (દિલ્હી) ના કેસમાં કે જ્યાં અદાલતના જણાવ્યા મુજબ નિર્ધારિત સમયગાળામાં શો કોઝ નોટિસ જારી કરવામાં આવી ન હતી, ત્યાં જપ્તીનો હુકમ ટકી શકશે નહીં અને જે માલ અગાઉ કામચલાઉ ધોરણે મુક્ત કરવામાં આવ્યો હતો તેને શરત વગર મુક્ત કરવામાં આવ્યો હોવાનું ઠરાવવામાં આવ્યું હતું અને કામચલાઉ મુક્તિ સમયે આપવામાં આવેલી બેંક ગેરંટી કામ કરતી બંધ થઈ જશે, તેને પણ જતિન આહુજા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, ૨૦૧૩ (૨૮૭) ઈ.એલ.ટી. ૩ (દિલ્હી) ના અગાઉના નિર્ણયને અનુસરીને પરત કરવાની જરૂર હતી. દિલ્હી હાઈકોર્ટે જતિન આહુજા (ઉપરોક્ત) ના કેસમાં નીચે મુજબ ઠરાવ્યું હતું: –

> *"૯. ઉપરોક્ત ચર્ચા પરથી એ એકત્રિત કરી શકાય છે કે જપ્ત કરાયેલ માલ રોકી રાખવા માટેની સમયમર્યાદા નક્કી કરવા અંગેની કલમ ૧૧૦(૨) ની જોગવાઈ ફરજિયાત માનવામાં આવે છે; નિર્ધારિત સમયગાળા અથવા લંબાવેલ સમયગાળાની અંદર શો કોઝ નોટિસ જારી ન કરવાનું પરિણામ સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે કે 'માલ જે વ્યક્તિના કબજામાંથી જપ્ત કરવામાં આવ્યો હતો તે વ્યક્તિને પરત કરવામાં આવશે' (કલમ ૧૧૦(૨) અને તેની શરતમાંથી સ્પષ્ટ થાય છે). આનું પરિણામ એ નથી કે કસ્ટમ્સ સત્તામંડળો શો કોઝ નોટિસ જારી કરવાની હુકૂમત ગુમાવે છે.*
>
> *૧૩. ઉપરોક્ત ચર્ચાના પ્રકાશમાં, અરજી સફળ થવાની છે. એવું જાહેર કરવામાં આવે છે કે આ કેસમાં કલમ ૧૨૪ હેઠળ શો કોઝ નોટિસ જારી ન કરવાના પરિણામે કલમ ૧૧૦(૨) અમલમાં આવી છે અને અરજદારની કારના કિસ્સામાં કરવામાં આવેલ જપ્તી હુકમનું કાયદાકીય વિસર્જન થયું છે. 'કલમ ૧૧૦એ હેઠળ કામચલાઉ ધોરણે અને શરતોને આધીન મુક્ત કરવામાં આવેલ'*

સદર વાહન શરત વગર મુક્ત કરવામાં આવ્યું હોવાનું ગણાશે. જો માસેરાટી કાર મુક્ત કરવામાં આવી ન હોય, તો તે બે અઠવાડિયાની અંદર મુક્ત કરવામાં આવશે અને સુપ્રતનામું આથી રદ કરવામાં આવે છે. રિટ અરજી ઉપરોક્ત શરતોમાં મંજૂર કરવામાં આવે છે; કોઈ ખર્ચ નથી."

૮. હાથ પરની હકીકતો પર પાછા ફરતાં, વિવિધ વસ્તુઓના વ્યવસાયમાં રોકાયેલી મહારાષ્ટ્રની મેસર્સ અમીરા ઈમ્પેક્સ પર અન્ય વિવિધ નિકાસ સંબંધિત પ્રોત્સાહનોમાં આઈજીએસટી રિફંડનો ગેરકાયદેસર રીતે લાભ લેવાના ઈરાદા સાથે નિકાસ કરાયેલા માલનું ભારે ઓવર વેલ્યુએશન અને ખોટી જાહેરાતમાં સામેલ હોવાનો આક્ષેપ છે.

૯. જેબીએમ ટેક્સટાઈલ્સના પ્રોપ્રાઈટર શ્રી અમિત હરિશંકર ડોક્ટર તેમજ સુરતમાં શ્રી મિહિર મહેશ છેવલી અને શ્રી આઝમ સાબુવાલાના ઓફિસ પરિસરમાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. આશરે આઠ પેઢીઓના અધિકૃત સહીકર્તાઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા, જેઓ તે જ પરિસરમાંથી સ્વતંત્ર રીતે સંચાલન કરતા હતા. એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આઠ પેઢીઓમાંથી પાંચ પેઢીઓના નામે માલની નિકાસ કરવામાં આવી હતી જેમને સદર અધિનિયમની કલમ ૧૪(૧) ની જોગવાઈઓ સાથે વાંચતા કસ્ટમ્સ વેલ્યુએશન (ડિટરમિનેશન ઓફ વેલ્યુ ઓફ એક્સપોર્ટ ગુડ્સ) રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ ૮ અને કસ્ટમ્સ વેલ્યુએશન (ડિટરમિનેશન ઓફ વેલ્યુ ઓફ એક્સપોર્ટ ગુડ્સ) રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ ૬ હેઠળ નિકાસ માલના એફ.ઓ.બી. મૂલ્ય

માટે એડિશનલ/જોઈન્ટ કમિશનર ઓફ કસ્ટમ્સ સમક્ષ કારણ દર્શાવવા માટે જણાવવામાં આવ્યું હતું.

૧૦. જપ્તી અને દંડ માટેની નોટિસ ૨૭.૧૧.૨૦૨૦ ના રોજ સદર અધિનિયમ હેઠળ આપવામાં આવી હતી. સ્વીકાર્યપણે, આ અદાલત સમક્ષ રજૂ કરાયેલ અને તૈયાર કરાયેલ પંચનામા મુજબ ૦૩.૦૪.૨૦૧૯ ના રોજ સર્ચની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ૦૪.૦૪.૨૦૧૯ ના રોજ નિવેદનો પણ નોંધવામાં આવ્યા છે અને મેસર્સ અમીરા ઈમ્પેક્સ દ્વારા કથિત ગેરકાયદેસર નિકાસના પ્રયાસ માટે એડિશનલ ડિરેક્ટર ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ–સામાવાળા નંબર ૪ દ્વારા ૨૭.૧૧.૨૦૨૦ ના રોજ શો કોઝ નોટિસ જારી કરવામાં આવી હતી, જેની ૧૪.૧૨.૨૦૨૦ ના રોજ અરજદાર પર બજવણી કરવામાં આવી હતી. સ્વીકાર્યપણે, જપ્તીની આ નોટિસ છ મહિનાના નિર્ધારિત કાયદાકીય સમયગાળા કરતાં વધુ સમય પછી જારી કરવામાં આવી છે.

૧૦.૧ સદર શો કોઝ નોટિસનો વચગાળાનો જવાબ ૧૨.૦૧.૨૦૨૧ ના રોજ દાખલ કરવામાં આવ્યો હતો. તેનો કોઈ પ્રત્યુત્તર ન મળતાં, ૨૧.૦૧.૨૦૨૧ ના રોજ એક યાદી નોટિસ પણ મોકલવામાં આવી હતી. જપ્ત કરાયેલી રોકડ અને વસ્તુઓ સામાવાળાઓ પાસે સતત રહેતી હોવાથી, હાલની અરજી દાખલ કરવામાં આવી છે.

૧૦.૨ સદર અધિનિયમની કલમ ૧૧૦ ની પેટા–કલમ (૨) નો જનાદેશ એકદમ સ્પષ્ટ છે કે જો માલ જપ્ત કર્યાના છ મહિનાની અંદર જપ્તી માટે સદર અધિનિંયમની કલમ ૧૨૪ ના ખડ (એ) હેઠળ કોઈ નોટિસ આપવામાં ન આવે, તો માલ જે વ્યક્તિના કબજામાંથી જપ્ત કરવામાં આવ્યો હતો તે વ્યક્તિને પરત કરવામાં આવશે بشرط કે પ્રિન્સિપલ કમિશનર ઓફ કસ્ટમ્સ લેખિતમાં નોંધવાના કારણોસર આ સમયગાળો લંબાવી શકે છે, જે છ મહિનાના સમયગાળાથી વધુ ન હોવો જોઈએ અને આ રીતે નિર્ધારિત સમયગાળો પૂરો થાય તે પહેલાં જે વ્યક્તિ પાસેથી આવા માલ જપ્ત કરવામાં આવ્યા હતા તેને જાણ કરી શકે છે. વધુમાં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે જ્યાં સદર અધિનિયમની કલમ ૧૧૦એ હેઠળ જપ્ત કરાયેલ માલને કામચલાઉ ધોરણે મુક્ત કરવાનો હુકમ પસાર કરવામાં આવ્યો હોય, ત્યાં છ મહિનાનો નિર્ધારિત સમયગાળો લાગુ પડશે નહીં.

૧૧. હાલના કેસમાં, સ્વીકાર્યપણે જપ્ત કરાયેલા માલની કોઈ કામચલાઉ મુક્તિ થઈ નથી. પ્રિન્સિપલ કમિશનર ઓફ કસ્ટમ્સ અથવા કમિશનર ઓફ કસ્ટમ્સ દ્વારા કારણસરના હુકમ સાથે વધુ છ મહિનાનો મુદત વધારો પણ સંપૂર્ણપણે ગાયબ છે. સહીની તારીખથી છ મહિનાનો સમયગાળો ૦૩.૧૦.૨૦૧૯ ના રોજ પૂરો થયો હતો. કલમ ૧૧૦(૨) ની પહેલી શરતમાં જોગવાઈ કર્યા મુજબ વધુ છ મહિનાનો સમયગાળો પણ ૦૩.૦૪.૨૦૨૦ ના રોજ પૂરો થયો હતો. અલબત્ત,

કોઈપણ હુકમની ગેરહાજરીમાં, સક્ષમ સત્તામંડળ દ્વારા કારણસરના હુકમની વાત તો દૂર રહી, મુદત વધારાને ધ્યાનમાં લેવો ન જોઈએ તેમ છતાં, સામાવાળાઓએ જપ્ત કરાયેલ ચલણ અથવા મોબાઈલ ફોન પરત ન કરવાનું પસંદ કર્યું અને અરજદારની વિનંતી પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી કે તેનો જવાબ આપવામાં આવ્યો નથી.

૧૨. શો કોઝ નોટિસ જારી કરવામાં આવે તે પહેલાં જ કાયદા હેઠળ નિર્ધારિત સમયગાળો ઘણો સમય અગાઉ વીતી ગયો હોવાનું ધ્યાનમાં રાખીને, આ અદાલતે કલમ ૧૧૦ અને ધ કસ્ટમ્સ એક્ટની અન્ય જોગવાઈઓના કાયદાકીય જોગવાઈઓનું સ્પષ્ટ ઉલ્લંઘન હોવાના કારણે હસ્તક્ષેપ કરવાની જરૂર છે, આ વસ્તુઓ અરજદારને પરત કરવી જરૂરી છે.

૧૩. અદાલત અવલોકન કરે છે કે ૨૭ ફકરાના સમગ્ર જવાબમાં સદર અધિનિયમની કલમ ૧૨૪ સાથે વાંચતા કલમ ૧૧૦(૧)(૨) હેઠળ કાયદાકીય જનાદેશનું પાલન ન કરવા અંગે કંઈપણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. એ સમજવું મુશ્કેલ છે કે શા માટે સમયમર્યાદાનું પાલન કરવામાં આવતું નથી અને શો કોઝ નોટિસ જારી કરવામાં કાયદાકીય સમયગાળા કરતાં વધુ સમયનો વિલંબ થયો છે અને તેથી, કાયદા અનુસાર નવેસરથી નિર્ણયની પ્રક્રિયા શરૂ કરવાના

સામાવાળાઓના અધિકારોને ખુલ્લા રાખીને આ અદાલતના અંતે હસ્તક્ષેપ કરવો જરૂરી બનશે.

૧૪. પરિણામે, હાલની અરજી મંજૂર કરવામાં આવે છે. સામાવાળાઓએ અરજદાર પાસેથી જપ્ત કરાયેલી રોકડ અને વસ્તુઓ/માલ આઠ અઠવાડિયાની મુદતથી વધુ ન હોય તેટલા સમયગાળામાં અરજદારને પરત કરવાના રહેશે. સામાવાળાઓ જો કાયદા હેઠળ અન્યથા પરવાનગી હોય તો, કાયદા અનુસાર, નિર્ણયની કાર્યવાહી શરૂ કરવા માટે સ્વતંત્ર રહેશે.

૧૫. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(સોનિયા ગોકાણી, ન્યાયમૂર્તી)

(હેમન્ત એમ. પ્રચ્છક, ન્યાયમૂર્તી)

એમ.એમ.મિરઝા

Translation of this judgment has been provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.

==

<u>અસ્વીકરણ</u>: સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.